# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) **અમરેલીના ધારીને નગર પંચાયતના દરજ્જાના નિર્ણય સાથે જ હવે રાજ્યમાં નગરપાલિકાની સંખ્યા 160 થશે**
2) **પ્રદૂષણને અટકાવવાના સંદેશ સાથે આજે પ્રદૂષણ દિવસની ઉજવણી**
3) **ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરત ખાતે એન્ટી નાર્કોટીક્સ યુનિટ-1નું ઉદઘાટન કર્યું.**
4) **12 મી માર્ચ 2025 સુધીમાં રાજ્યની તમામ સરકારી, ખાનગી આરોગ્ય સંસ્થાઓ માટે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદા હેઠળ નોંધણી કરાવવી ફરજીયાત.**
5) **લઘુતમ તાપમાનમાં ઘટાડાના પગલે આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીમાં વધારો થશે**

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# DHARI NAGAR PANCHAYAT

રાજ્યમાં હવે 160 નગરપાલિકા અસ્તિત્વમાં આવી છે. અમરેલી જિલ્લાની ધારીને નગરપાલિકાની રચનાનો દરજ્જો અપાયા બાદ હવે 'ડ' વર્ગની વધુ એક નગરપાલિકા બનશે. રાજ્યમાં હાલ 'અ' વર્ગની 22, 'બ'ની 30, 'ક'ની 60 અને 'ડ'ની 47 મળીને કુલ 159 નગરપાલિકાઓ છે.

સાબરકાંઠાની ઈડર નગરપાલિકામાં જુવાનપુરા-સદાતપુરા ગામનો સમાવેશ કરી નગરપાલિકાની હદ વધારવાનો પણ નિર્ણય કરાયો છે. અત્યારે કુલ 159 નગરપાલિકાઓ કાર્યરત છે. હવે તેમાં ધારી નગરપાલિકાનો ઉમેરો થશે.આ નિર્ણયને કારણે ઈડર શહેરનો વિસ્તાર વ્યાપ હવે વધવાથી ટી.પી. સ્કીમ કે ડેવલોપમેન્ટ પ્લાન સરળતાથી થઈ શકશે તેમજ સમગ્ર વિસ્તારના વિકાસને વેગ મળશે.

---

- પીટીસી- અમરેલી – હર્ષલ પંડ્યા NAVIN

# NATIONAL POLLUTION DAY

દેશભરમાં આજના બીજી ડિસેમ્બરના દિવસને રાષ્ટ્રીય પ્રદૂષણ દિવસ નિયંત્રણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સામાન્ય નાગરિકોને પ્રદૂષણને નિયંત્રિત કરવાની જરૂરિયાત અંગે જાગૃત કરવાના હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ...

## (વૉઈસકાસ્ટ- પ્રવેશ અડિએચા)

(રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ નિમિત્તે આજે વાત કરીએ રાજ્યની તો, રાજ્યમાં એક દિવસમાં સરેરાશ 25 મેટ્રિક ટન ઘરગથ્થું ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે યોગ્ય નિકાલ કરવામાં આવે છે. રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં 254 લાખ 25 હજાર મેટ્રિક ટન લીગસી વેસ્ટનો પણ યોગ્ય નિકાલ કરાયો છે, જેમાં સૌથી વધુ અમદાવાદ મહાનગરપાલિકાએ અંદાજે 125 લાખ મેટ્રિક ટન કચરાનો નિકાલ કર્યો છે, જેના કારણે સમગ્ર શહેરમાં 40 એકર જેટલો વિસ્તાર ખૂલ્લો થયો છે. જે ઘરગથ્થું ઘન કચરાનો સમયસર કે યોગ્ય નિકાલ નથી કરાતો તે ઘન કચરો લીગસી વેસ્ટમાં ફેરવાય છે, જેના થકી પ્રદૂષણમાં વધારો થાય છે. રાજ્યનું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ- GPCB સહ-પ્રક્રિયાનો અભિગમ અપનાવવામાં સમગ્ર દેશમાં અગ્રેસર છે. રાજ્યમાં વર્ષ 2009થી માર્ચ 2024 સુધીમાં અંદાજે 45.64 મિલિયન મેટ્રિક ટન કચરાનો અને 942.47 હજાર મેટ્રિક ટન પ્લાસ્ટિક કચરાનો સહ-પ્રક્રિયા થકી નિકાલ કરાયો છે. નિષ્ણાતો વિશ્વભરમાં વધી રહેલા કેટલાક ગંભીર રોગો માટે પ્રદૂષણને જવાબદાર માને છે. આવી સ્થિતિમાં પ્રદૂષણને અંકુશમાં લેવા માટે દરેક શક્ય પ્રયાસો કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)

---------------------------------------------------------------------

- (માહિતી ખાતા ગાંધીનગર- પ્રવેશ અડિએચા), NAVIN

# HARSH SANGHVI SURAT

ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ સુરત ખાતે એન્ટી નાર્કોટીક્સ યુનિટ-1નું ઉદઘાટન કર્યું. સુરત પોલીસ દ્વારા આ પહેલનું નામ નો ડ્રગ્સ ઇન સુરત સીટી અભિયાન રાખવામાં આવ્યું છે.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં સૌપ્રથમ વખત આ યુનિટ શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધી પોલીસ ડ્રગ્સ અને એનડીપીએસમાં આરોપીઓને પકડતી હતી. અને નશાનો કારોબાર રોકવાનો પ્રયત્ન કરતી હતી. પરંતુ હવે સુરત પોલીસ આ અભિયાન થકી સમાજસેવાનું કાર્ય પણ કરશે.

સમાજમાં ડ્રગ્સના બંધાણીઓને નશાની લતમાંથી છોડાવવાનો પ્રયત્ન કરશે. એન્ટી નાર્કોટીક્સ યુનિટ એ એક પ્રકારનું પોલીસ સંચાલિત ડ્રગ્સ સામેનું રીહેબ સેન્ટર બનશે. આ સેન્ટરમાં આવનાર નશાના બંધાણીઓની પોલીસ સંપુર્ણ રીતે ઓળખ ગુપ્ત રાખશે અને તેની સામે કોઇપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે નહિં.

(બાઇટ- હર્ષ સંઘવી)

------------------------------------------------------------------

- REPEAT

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# RUSHIKESH PATEL

તા. ૧૨ મી માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ સરકારી, ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત આરોગ્ય સંસ્થાઓ, માટે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદા હેઠળ નોંધણી કરાવવી ફરજીયાત બની છે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદા હેઠળની સ્ટેટ કાઉન્સિલની બેઠક યોજાઇ ગઈ.

આ બેઠકમાં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદા હેઠળની પ્રવર્તમાન જોગવાઇઓ , આ અધિનિયિયમ હેઠળ જરૂરી સુધારા અને પ્રવર્તમાન સમયમાં થઇ રહેલ હોસ્પિટ્લસના રજીસ્ટ્રેશન સંદર્ભેની વિગતવાર સમીક્ષા કરાઇ હતી.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે કે, રાજ્યની તમામ હોસ્પિટલએ આ અધિનિયિમ હેઠળ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું છે. સમય અવધિમાં નોંધણી ન હોય તેવી આરોગ્યસંસ્થાઓ સામે નાણાકીય કાર્યવાહી ઉપરાંત કાયદાકીય સખ્ત પગલા ભરવામાં આવશે. પ્રમાણપત્ર વિના કાર્યરત કોઇપણ આરોગ્ય સંસ્થાઓ માટે ૧૦ હજાર થી ૫ લાખ રૂ. સુધીના દંડની જોગવાઇ છે.

રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરે ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટની ડિજિટલ રજિસ્ટ્રી સ્થાપિત કરવી ખુબ જ જરૂરી છે.

આ અધિનિયમની કડક અમલવારીના પરિણામે ઉપચાર પધ્ધતિ પર અસરકારક નિયમન થશે તેમજ ઉપચાર પદ્ધતિઓ દ્વારા આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધરશે. એલોપેથી, આયુર્વેદિક, હોમિયોપેથી, સિધ્ધ અને યુનાની જેવી સેવાઓ આપતી તબીબી સંસ્થાઓએ માટે  પણ નોંધણી ફરજીયાત છે.

---------------------------------------------------------------------

- REPEAT

# WEATHER

હવામાન વિભાગ દ્વારા ઠંડીમાં વધારાની શક્યતા દર્શાવવામાં આવી છે.. ડિસેમ્બર મહિના દરમિયાન લઘુતમ તાપમાનમાં એકથી બે ડિગ્રી તાપમાનમાં ઘટાડો થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા દર્શાવવામાં આવી છે. ઠંડા ડિમેમ્બરની શરૂઆત સાથે જ લઘુતમ તાપમાન ગગડતા ડિસેમ્બર દરમિયાન અગિયાર ડિગ્રી તાપમાન રહે તેવી શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા જણાવાયું છે કે આજથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની શક્યતાના પગલે તાપમાનમાં ઘટાડાની શક્યતા છે.

---------------------------------------------------------------------

- હવામાન વિભાગ – હર્ષલ પંડ્યા

NAVIN

# RAJBHAVA AISD DAY

**એઈડ્સગ્રસ્ત લોકોનું જીવન સુખમય બનાવવા તેમના પ્રત્યે પ્રેમ, સ્નેહ અને સોહાર્દ જાળવવા નિરંતર પ્રયાસ કરતા રહીએ તેમ રાજ્યપાલ આચાર્ય દેવ્રવ્રતે જણાવ્યું છે. સતર્કતા અને જાણકારી એ એઇડ્સથી બચાવનું પ્રથમ પગલું છે તેમણ પણ રાજભવન ખાતે એઇડ્સ દિવસની ઉજવણી પ્રસંગે ગઇકાલે તેમણે કહ્યું હતું.**

વિશ્વ એઇડ્સ દિવસની વર્ષ 2024 ની થીમ "ટેક ધ રાઇટ્સ પાથ, માય હેલ્થ, માય રાઈટ છે.

---------------------------------------------------------------------

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા, NAVIN

# HOLIDAY CHANGE

રાજ્ય શિક્ષણ બોર્ડે ધુળેટીની તહેવારની રજામાં ફેરફાર જાહેર કર્યો છે. અગાઉ શાળાઓમાં ધૂળેટીની રજા પંદર માર્ચે જાહેર કરાઇ હતી તેમાં હવે ફેરફાર કરીને તેને હવે 14મી માર્ચના રોજ જાહેર કરાઇ છે. સામાન્ય વહિવટી વિભાગ દ્વારા જાહેર કરાયેલી રજાઓને બાદ આ રજામાં રાજ્ય શિક્ષણ બોર્ડે ફેરફાર કર્યો હતો.

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કુલ 80 રજાઓમાં 18 જાહેર રજાઓ છે,

---------------------------------------------------------------------

- અખબારી યાદી- હર્ષલ પંડ્યા
, NAVIN

# BHAVNAGAR SPORTS

યુનિવર્સીટી 44 માં ખેલકૂદ મહોત્સવમાં સતત સાતમી વખત ભાવનગરની નંદકુવરબા મહિલા કોલેજ – જનરલ ચેમ્પીયનશીપ પ્રાપ્ત કરી હતી. આ બે દિવસીય ખેલકૂદ મહોત્સવમાં જલદ ચાલ, 200 મી. દોડ, 400 મી. દોડ, 800 મી. દોડ, 1500 મી. દોડ, 5000 મી. દોડ, 10,000 મી. દોડ, 400 મી. વિઘ્ન દોડ, 100 મી. વિઘ્ન દોડ, 110 મી. વિઘ્ન દોડ, 3000 મી. ત્રિપલ ચેસ, ત્રિપલ જંપ, ઉંચી કુદ, લાંબી કુદ, ગોળા ફેંક, ચક્ર ફેંક, બરછી ફેંક જેવી રમતોમાં જીત મેળવી નંદકુંવરબા મહિલા કોલેજે જનરલ ચેમ્પીયનશીપ પ્રાપ્ત કરી છે.

---

- પીટીસી- ભાવનગર

હર્ષલ પંડયા, NAVIN

# MAHISAGAR KALA

મહીસાગરના પ્રવાસન સ્થળોમાંનું એક કલાધામ કલેશ્વરીનું પુરાતત્વિય સ્મારકો અને પ્રાકૃતિક સૌંદર્ય ચિત્રકારો માટે આકર્ષણનું કેન્દ્ર છે ત્યારે અમદાવાદ સ્થિત ચિત્રકારોના લાઈવ પોર્ટ્રેટ સ્ટડી ગ્રુપ દ્વારા મહીસાગરના કલાધામ કલેશ્વરી ખાતે ત્રણ દિવસની નિવાસીય કલા શિબિર યોજાઇ હતી. જેમાં ગુજરાતના ૨૨ જેટલા ચિત્રકારોએ આ વિસ્તારના અલગ અલગ દર્શનીય સ્થળ પર બેસીને સ્થળની સુંદરતાને પોતાના ચિત્રમાં કંડારી કલાસાધના કરી હતી. ત્રણ દિવસમાં ચિત્રકારોએ પોતાના ચિત્રોમાં કલાના રંગ ભરી પ્રસ્તુત કર્યા હતા.

---------------------------------------------------------------------

- દૂરદર્શન – હર્ષલ પંડ્યા

NAVIN